# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-07-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, વિકસિત ગુજરાતમાં સુરત શહેર મોટું યોગદાન આપશે
2. ડાંગમાં આજથી 23 દિવસના સાપુતારા મૉન્સુન ફેસ્ટિવલનો આરંભ
3. કૃત્રિમ બુદ્ધિમત્તા-A.I. ના વર્ગ શરૂ કરનારી પાટણની એમ. એન. હાઈસ્કૂલ રાજ્યની પ્રથમ અનુદાનિત શાળા બની.
4. રાજ્યમાં આજે કારગિલ વિજય દિવસની ઉજવણી થઈ રહી છે
5. સાબરકાંઠા, અરવલ્લી અને મહીસાગરમાં આવતીકાલે ભારેથી અતિભારે વરસાદની આગાહી.

---------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM SURAT LOKARPAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, વિકસિત ગુજરાતમાં સુરત મોટું યોગદાન આપશે. શહેરી વિકાસ વર્ષની આ વર્ષની ઉજવણીમાં સુરત સ્વચ્છતા, ટકાઉપણા અને સર્વગ્રાહી વિકાસથી વૈશ્વિક કક્ષાનું શહેર બને તે માટે દરેક નાગરિકની ભાગીદારી ઘણી જરૂરી છે.

સુરત મહાનગરપાલિકાના 435 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતા શ્રી પટેલે આ વાત કહી.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

શ્રી પટેલે સ્વચ્છ શહેર, સુરતના લોકોને ઉત્તમ માળખાગત અને પાયાની સુવિધા વધુ સુદ્રઢ થાય તે માટે મહાનગરપાલિકાના પ્રયાસની પણ પ્રશંસા કરી. આજે કારગિલ વિજય દિવસ નિમિત્તે શ્રી પટેલે કારગિલ યુદ્ધમાં બલિદાન આપનારા વીર જવાનોને તેમણે વંદન કર્યાં હતા.

આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલે, સુરતનો વિકાસ સમગ્ર દેશ માટે દિશાસૂચક બન્યો હોવાનું જણાવ્યું. તેમણે સૌને સ્વચ્છતા જાળવવા અપીલ કરી.

. . . . . . . . . . .

# DANG SAPUTARA FESTIVAL

ડાંગના ગિરિમથક સાપુતારા ખાતે આજથી સાપુતારા મૉન્સુન ફેસ્ટિવલનો આરંભ થયો. આગામી 17 ઑગસ્ટ સુધી યોજાનારા આ મહોત્સવનું ઉદ્ધાટન પ્રવાસન મંત્રી મુળૂભાઈ બેરાએ કરાવ્યું.

તેમણે કહ્યું, મહોત્સવમાં દરરોજ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું છે. શ્રી બેરાએ પ્રવાસીઓને પ્રાકૃતિક વાતાવરણમાં ખીલેલા ખેત ઉત્પાદનો તેમજ હસ્તકળાની ચીજવસ્તુઓ ખરીદવા લોકોને અપીલ કરી.

મહોત્સવમાં ભાગ લેવાં આવેલાં આસામનાં કલાકારે આ અંગે પ્રતિક્રિયા આપી.

(BYTE: ASSAM ARTIST)

. . . . . . . . . . .

# PATAN AI SCHOOL ROOM

પાટણની એમ. એન. હાઈસ્કૂલે નિઃશુલ્ક કૃત્રિમ બુદ્ધિમત્તા- A.I.ના વર્ગ શરૂ કર્યા છે. શાળામાં હવે દર શનિવારે યોજાનારા A.I. વર્ગમાં રાજ્યનાં જાણિતા A.I. પ્રશિક્ષક દ્વારા બાળકોને તાલીમ અપાશે. આવા વર્ગ શરૂ કરનારી આ પહેલી અનુદાનિત શાળા બની હોવાનું શાળાના આચાર્ય ડૉક્ટર ધનરાજ ઠક્કરે જણાવ્યું.

(BYTE: DR. DHANRAJ THAKKAR, PRINCIPAL, MN HIGH SCHOOL)

. . . . . . . . . . .

# Kargil Vijay Divas-District

રાજ્ય સહિત દેશભરમાં આજે કારગિલ વિજય દિવસની ઉજવણી થઇ રહી છે. ત્યારે કારગિલ યુદ્ધનો ભાગ રહેલા પૂર્વ સૈન્ય જવાન વિપુલ દવેએ આજે સુરેન્દ્રનગરમાં લોકોને તે સમયની સ્થિતિ અંગે માહિતી આપી. તેમણે યુવાનોને સેનામાં જોડાવા અપીલ કરી.

**(બાઈટ:- વિપુલ દવે (માજી સૈનિક સંગઠનના પ્રમુખ, સુરેન્દ્રનગર)**

આ પ્રસંગે કારગિલ યુદ્ધના પૂર્વ જવાનોનું સન્માન કરાયું.

તો ભુજ સૈન્ય મથક ખાતે કારગિલ વિજય દિવસ ઉજવાયો. દરમિયાન "શ્રદ્ધાંજલિ પાર્ક" ખાતે શહીદોને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી.

ભાવનગરની જે. કે. સરવૈયા મહાવિદ્યાલય ખાતે રાષ્ટ્રીય સેવા યોજના(NSS) દ્વારા કારગિલ વિજય દિવસ ઉજવાયો. તો બોટાદ ભાજપ દ્વારા જવાનોની પ્રતિમાને પુષ્પાંજલિ અપાઇ તેમજ સૈન્ય જવાનોનું સન્માન પણ કરાયું.

. . . . . . . . . . .

## PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં તેમના વિચાર રજૂ

કરશે. માસિક રેડિઓ કાર્યક્રમની આ 124મી કડી હશે. હિન્દીમાં “મન કી બાત”ના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આકાશવાણી અને દૂરદર્શનના તમામ નેટવર્ક, આકાશવાણી સમાચારની વેબસાઇટ અને ન્યૂઝ ઑન A.I.R. મૉબાઇલ ઍપ્લિકેશન સહિત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, PMO તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચેનલ પર કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# SHRAVAN MAAH

રાજ્યભરના શિવ મંદિરોમાં શ્રાવણ માસ નિમિત્ત ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે, ત્યારે ભાવનગરના રંઘોળા પાસે આવેલાં વિકળિયા ગામમાં આવેલા ઐતિહાસિક શ્રી બેલનાથ મહાદેવ મંદિરમાં વિશેષ પૂજા અર્ચના કરવામાં આવી રહી છે.

બોટાદના સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે આજે શ્રાવણના પહેલા શનિવારે શ્રીકષ્ટભંજનદેવને દિવ્ય વાઘા પહેરાવાયા અને 2 હજાર કિલો ફળોનો વિશેષ શણગાર કરાયો છે.

છોટાઉદેપુરના  ઝંડ હનુમાન ખાતે પણ શ્રાવણના પહેલા શનિવારે આજે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા.

. . . . . . . . . . .

# MAHISAGAR DROWNED

મહીસાગરમાં આડદરી ધોધમાં તણાઈ જતાં બે કિશોરના મોત થયાના અહેવાલ છે. ઘટનાની જાણ થતાં લુણાવાડા નગરપાલિકાના અગ્નિશમન દળે શોધખોળ કરતા બે મૃતદેહ મળી આવ્યા હતા. વધુ માહિતી અમારા પ્રતિનિધિ પાસેથી.

(V/C- KAUSHIK JOSHI, PTC, MAHISAGAR)

. . . . . . . . . . .

# WEATHER FORECAST

હવામાન વિભાગે આગામી 29 જુલાઈ સુધી રાજ્યમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. દરમિયાન આવતીકાલે સાબરકાંઠા, અરવલ્લી અને મહીસાગર જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. જ્યારે ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લામાં અતિભારે વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.

**(BYTE: RAMASHRAY YADAV, SCIENTIST, IMD AMDAVAD)**

દરમિયાન માછીમારોને આગામી 30 જુલાઈ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. તો, રાજ્યમાં આજે સાંજે 4 વાગ્યા સુધી 61 તાલુકામાં વરસાદ નોંધાયો છે. આ સાથે જ રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ વરસાદ 56 ટકા જેટલો થયો છે.

. . . . . . . . . . .

# RAIN- DISTRICT

રાજ્યના કેટલાક જિલ્લામાં આજે સામાન્ય વરસાદ નોંધાયો છે. છોટાઉદેપુર જિલ્લાના પાનવડ સહિત આસપાસના ગામમાં વરસાદી માહોલ, સર્જાતા ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી.

દરમિયાન દમણ દેવકા પાસેના સેલ્ફી પોઈન્ટ પર મુકેલા પૃથ્વીના ગોળાની પ્રતિકૃતિ પાસે દરિયાના મોજાં ઉંચા ઉછળતા જોવા મળ્યા.

. . . . . . . . . . .

# NFSU MoU

કેન્દ્રીય હૉમિયાપૅથી સંશોધન પરિષદ- C.C.R.H. અને ઇન્સ્ટિટ્યૂટ ઑફ પેસ્ટિસાઈડ ફૉર્મ્યુલેશન ટેક્નોલૉજી- I.P.F.T એ રાષ્ટ્રીય ન્યાયસહાયક વિજ્ઞાન વિશ્વ-વિદ્યાલય- NFSU સાથે સમજૂતી કરાર કર્યા છે. શૈક્ષણિક અને સંશોધન પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા કરાયેલા આ કરાર અંગે N.F.S.U. કૅમ્પસ ડાયરેક્ટર પ્રૉફેસર ડૉક્ટર એસ. ઓ. જુનારે માહિતી આપી.

તેમણે કહ્યું, આ સહયોગ શૈક્ષણિક વિકાસને સમૃદ્ધ બનાવશે. સાથે જ સતત પારસ્પરિક સહયોગ અને નવિનતા દ્વારા મહત્વના વૈજ્ઞાનિક ક્ષેત્રોમાં ભારતની ક્ષમતાઓને વધુ મજબૂત બનાવવામાં મદદરૂપ સાબિત થશે.

. . . . . . . . . . .

# PANCHMAHAL SPORTS

પંચમહાલ જિલ્લામાં આજે 28-મી અખિલ મધ્ય ગુજરાત ઝૉનલ સ્પર્ધા યોજાઈ, જેમાં તીરંદાજી, ઍથ્લેટિક્સ, સ્વિમિંગ, બૅડમિન્ટન, ટૅબલ ટૅનિસ, વૉલીબૉલ જેવી રમાયેલી રમતોમાં 110 ખેલાડીએ ભાગ લીધો.

સ્પર્ધામાં વિજેતા બનેલા ખેલાડીઓ હવે દેહરાદૂન ખાતે યોજાનારી સ્પર્ધામાં મધ્ય ગુજરાત ઝૉનનું પ્રતિનિધિત્વ કરશે. ઉલ્લેખનીય છે કે, સ્પર્ધામાં દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, મહીસાગર, વડોદરા અને આણંદ જિલ્લાના વનવિભાગના કર્મચારીઓએ ભાગ લીધો.

. . . . . . . . . . .

## TAPI- SACHIV MEET

તાપી જિલ્લાના પ્રભારી સચિવ મિલિંદ તોરવણેએ વ્યારા અતિથિગૃહ ખાતે માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી. તેમણે જિલ્લાના મુખ્યમાર્ગો, બ્રિજની સ્થિતિ અંગે માહિતી મેળવી. દરમિયાન તેમણે આદિજાતિ છાત્રાલયો, આદર્શ નિવાસી શાળાઓની પણ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા તેમજ યોગ્ય પગલાં લેવા જણાવ્યું હતું.

શ્રી તોરવણેએ જાનહાનીના કિસ્સામાં હકારાત્મક અભિગમ અપનાવી સહાય ચુકવણી ત્વરિત કરવા વહીવટીતંત્રને અનુરોધ કર્યો. તેમજ સિકલસેલને કેન્દ્રમાં લઈને બ્લડ બેંક શરુ કરવા પર પણ વિશેષ ભાર મુક્યો હતો.

. . . . . . . . . . .

## GANDHINAGAR ACCIDENT UPDATE

ગાંધીનગરની અદાલતે રાંદેસણ વિસ્તારમાં અકસ્માત કરનારા કારચાલકના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. આ અકસ્માતમાં બે લોકોના મોત અને ત્રણથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

. . . . . . . . . . .

## Jagdish Vishwkarma - Ranpur

સહકાર રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્માએ બનાસકાંઠા જિલ્લાના ડીસા સ્થિત ધી રાણપુર - વડાવાસ વિવિધ કાર્યકારી સહકારી મંડળીની મુલાકાત લીધી. તેમણે સહકારી મંડળીઓ થકી ચાલતી વિવિધ સેવાઓ અને કાર્યોની સમીક્ષા પણ કરી.

સહકારી મંડળીઓ દ્વારા અપાતું ધિરાણ, કિસાન સમૃદ્ધિ કેન્દ્રો, ગ્રેડિંગ સિસ્ટમ, વખારની યોજનાઓના કાર્યોની સમીક્ષા કરી. આ પ્રસંગે મંત્રીશ્રીએ સહકારથી સમૃદ્ધિ કાર્યક્રમ હેઠળ બેંક તથા અધિકારીઓને માર્ગદર્શન આપ્યું.

. . . . . . . . . . .